**એક નાટક એક થિએટરમાં નિરંતર પોણોસો વર્ષ સુધી... આશરે 27000 ‘નાઈટ’ સુધી ભજવાયું છે! મજાની વાત એ છે કે એ એક રહસ્ય નાટક છે, જે રહસ્યકથાનાં મહારાણી આગાથા ક્રિસ્ટીએ લખેલું છે! આગાથાની અન્યપણ કેટલી બધી સિદ્ધિઓ છે...**

# એમનું અવસાન થતાં સુધીમાં દુનિયાની 100 ભાષાઓમાં અનુવાદ થયા હતા!




## મહારાણી અગાથા-2

રહસ્ય ચક્ર
★ યશવંત મહેતા

કર્નલ ક્રિસ્ટીથી છૂટાછેડાની ઘટના 1928માં બની. એટલે થાકેલાં, તૂટેલાં અને જાહેર ચર્ચાનો વિષય બનેલાં આગાથા બ્રિટન છોડીને નીકળી ગયાં. નાની ઉંમરે તેઓ મધ્યપૂર્વના મિસર વગેરે દેશોમાં રહી ચૂક્યાં હતાં. હવે ફરી એ જ દિશામાં ગયાં. ત્યાં મેસોપોટેમિયાની પ્રાચીન નગરી ‘ઉર’ ખાતે પુરાતત્ત્વીય ખોદકામ ચાલી રહ્યું હતું. એ સંશોધનોના વડા હતા વિખ્યાત પુરાતત્ત્વશાસ્ત્રી લિયોનાર્ડ વૂલી અને તેમના સક્ષમ સહાયક હતા મેક્સ મેલોવાન. અહીં હજારો વર્ષ જૂના અવશેષોની ચર્ચા કરતાં કરતાં આગાથા અને મેલોવાન પ્રેમમાં પડ્યાં અને સપ્ટેમ્બર, 1930માં ત્યાં જ લગ્ન કર્યાં. ત્યારબાદ મેલોવાન સીરિયા અને ઈરાકમાં વિસ્તૃત પુરાતત્ત્વીય સંશોધન અને ખોદકામમાં વ્યસ્ત રહ્યા. તેમની સાથે આગાથાએ પણ કલમ છોડીને કેમેરો પકડ્યો. મેલોવાન જે કંઈ ખોદી કાઢે, તેની તસવીરો લેવાનું કામ આગાથા કરવા લાગ્યાં. રહસ્યકથાની લેખિકા પ્રાચીન ઈતિહાસના રહસ્યો સાથે ઓતપ્રોત થવા લાગી.

અલબત્ત, મધ્ય એશિયાના આ અર્ધરણ જેવા વિસ્તારો લેખન માટે પણ પ્રેરક હતા. આગાથા માટે તો ખાસ, કારણ કે અહીં પુરાતત્ત્વીય સંશોધન સિવાય સમય પર કબજો જમાવનારા બીજા કોઈ સામાજિક કાર્યક્રમો નહોતા. બ્રિટનમાં ‘સોશિયલ લાઈફ’ માટે જે સમય ફાળવવો પડતો, તેનો અહીં અભાવ હતો. આથી જ ‘ડેથ ઓન ધ નાઈલ’ જેવી અદ્ભુત રહસ્યનવલકથાઓ અહીં લખાઈ. અહીં બેઠાં બેઠાં તેઓ હસ્તપ્રતો બ્રિટન મોકલી દેતાં. ત્યાં એ ઘણી સામયિકોમાં ધારાવાહિક સ્વરૂપે પ્રકાશિત થતી અને પછી પુસ્તકાકારે બહાર પડતી. બહુ જલદી એમનાં પુસ્તકો ‘બેસ્ટસેલર’ યાદીમાં અગ્રસ્થાને રહેવા લાગ્યાં.

વિદેશોમાં પણ એમનાં પુસ્તકોની માંગ વધવા લાગી, 1976માં તેમના અવસાન સુધીમાં વિશ્વની 100થી વધુ ભાષાઓમાં તેમની કૃતિઓના અનુવાદ થઈ ચૂક્યા હતા. તેમના માત્ર એક જ પ્રકાશકે 1980 સુધીમાં તેમના પુસ્તકોની 40 કરોડથી વધુ નકલો વેચી હતી. હકીકતમાં તેમના પ્રકાશકો પણ અનેક હતા અને પુસ્તકો પણ અસંખ્ય.

1920માં પુસ્તકાકારે પ્રકાશિત થયેલી આગાથા ક્રિસ્ટીની પ્રથમ નવલકથા ‘ધ મિસ્ટીરિયસ અફેર એટ સ્ટાઈલ્સ’ એક ગામડામાં રહેતી અત્યંત ધનવાન વૃદ્ધ મહિલાના ખૂનની કથા કહે છે. આ કૃતિ માત્ર આગાથાની જ નહીં, પરંતુ વિશ્વની શ્રેષ્ઠ ગુનાશોધક નવલકથાઓમાં સ્થાન પામે એવી ગણાય છે. એવું પણ કહેવાય છે કે 1920માં આગાથાની આ કૃતિ અને ફ્રીમેન વિલ્સ ક્રોફ્ટ્સની ‘ધ કાસ્ક’ના પ્રકાશન સાથે જ ડિટેક્ટિવ સાહિત્યનો ‘સુવર્ણ યુગ’ શરૂ થયો.

‘ધ સિક્રેટ એડવર્સરી’ (1922) આગાથાની (અને કદાચ વિશ્વસાહિત્યની પણ) આંતરરાષ્ટ્રીય જાસૂસી પર આધારિત પ્રથમ નવલકથા છે. તેમાં ટપ્પેન્સ અને ટોમી બેરેસફર્ડ નામના દંપતીની હાસ્યપ્રધાન રહસ્યકથા રજૂ થાય છે. 1924માં તેમણે હરક્યુલ પોઈરોની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ ‘પોઈરો ઈન્વેસ્ટિગેટ્સ’ આપ્યો.

1926માં પ્રકાશિત થયેલી ‘ધ મર્ડર ઑફ રોજર એક્રોઇડ’ અત્યંત વિવાદાસ્પદ બની હતી અને તે આગાથાની શ્રેષ્ઠ રચનાઓમાં સ્થાન પામે છે. એક અંગ્રેજ ગામમાં થયેલી હત્યાનો એવો ભેદ સર્જાય છે કે પોઈરો પોતાની સંપૂર્ણ નિવૃત્તિની પ્રતિજ્ઞા તોડીને તપાસમાં ઝંપલાવે છે અને જેના પર કોઈને જરાય શંકા ન હોય એવી વ્યક્તિને ગુનેગાર તરીકે પકડી પાડે છે. જોકે પછી કેટલાક વાચકો અને વિવેચકોએ નોંધ્યું કે આગાથાએ કથામાં આપેલા કેટલાક સંકેતો (Clues)ને ધ્યાનમાં લેવાય તો પોઈરો દ્વારા રજૂ કરાયેલો ઉકેલ સંપૂર્ણ રીતે બંધબેસતો નથી. આ કારણસર આ નવલકથા લાંબા સમય સુધી ચર્ચામાં રહી. પરંતુ આ વિવાદ અને તેના પ્રકાશન સમયે આગાથાના સ્મૃતિભ્રંશની ઘટનાને કારણે ‘ધ મર્ડર ઑફ રોજર એક્રોઇડ’ રહસ્યકથા પ્રેમીઓના હૃદયમાં કાયમ માટે સ્થાન પામી ગઈ. ‘પાર્ટનર્સ ઈન ક્રાઈમ’માં બેરેસફર્ડ દંપતી શેરલોક હોમ્સ, ફાધર બ્રાઉન, હરક્યુલ પોઈરો જેવા અમર ડિટેક્ટિવ પાત્રોની રમૂજી પેરોડી કરે છે. ‘ધ મિસ્ટીરિયસ મિસ્ટર ક્વિન’ (1930)માં આગાથાએ હાર્લી ક્વિન નામનું રહસ્યમય પાત્ર સર્જ્યું છે, જે અચાનક આવીને સેટરથવેઇટ નામના ગુનાશોધકને રહસ્ય ઉકેલવાની ચાવી આપી અદૃશ્ય થઈ જાય છે.

‘મર્ડર એટ ધ વિકેરેજ’ (1930)માં એક ધાર્મિક સ્થળે બનેલી રહસ્યમય હત્યાના પ્રસંગે મિસ જેન માર્પલ નામના ડિટેક્ટિવ પાત્રનું આગમન થાય છે. મિસ માર્પલને આગાથાએ પોતાના મહત્વના ડિટેક્ટિવ તરીકે સ્થાપિત કર્યા. આ નવલકથા પહેલાં પણ મિસ માર્પલ કેટલીક ટૂંકી વાર્તાઓમાં દેખાઈ ચૂક્યાં હતાં. ‘ધ હાઉન્ડ ઑફ ડેથ’ (1933)માં રહસ્ય કરતાં કલ્પનાત્મક (ફેન્ટસી) તત્ત્વ વધુ જોવા મળે છે. પરંતુ ત્રીસ અને ચાલીસના દાયકામાં આગાથા ક્રિસ્ટીએ એક પછી એક ઉત્તમ કૃતિઓ આપી. ‘વિટનેસ ફોર ધ પ્રોસિક્યુશન’, ‘લવ ફ્રોમ અ સ્ટ્રેન્જર’, ‘ધ એ.બી.સી. મર્ડર્સ’, ‘કાર્ડ્સ ઑન ધ ટેબલ’, ‘ટેન લિટલ નિગર્સ’ (જેના પરથી ત્રણ વખત ફિલ્મો બની), ‘એન ઓર એમ?’, ‘ફાઈવ લિટલ પિગ્સ’, ‘ડેથ કમ્સ એઝ ધ એન્ડ’, ‘મર્ડર ઈન મેસોપોટેમિયા’ (પુરાતત્ત્વીય સંશોધન પરથી પ્રેરાયેલી) અને ‘ધ લેબર્સ ઑફ હરક્યુલીસ’ જેવી રચનાઓમાં એક વિવેચક એકને તો બીજો બીજીને આગાથાની સર્વોત્તમ કૃતિ ગણાવે છે. વાચકો પણ પોતાની પસંદગી મુજબ જુદી જુદી કૃતિને શ્રેષ્ઠ માને છે. ચાલીસનો દાયકો પૂરો થયા પછી, એટલે કે ઉંમરની અર્ધશતાબ્દી પછી, આગાથાની સર્જનશીલતા થોડી મંદ પડતી જણાય છે. અલબત્ત, તેમની લોકપ્રિયતા સતત વધતી રહી. હવે દર દાયકામાં ત્રણ-ચાર પુસ્તકો પ્રકાશિત થવા લાગ્યાં. તેમાં ‘ધ પેલ હોર્સ’ (1961), ‘એન્ડલેસ નાઈટ’ (1967) અને ‘પેસેન્જર ટુ ફ્રેન્કફર્ટ’ (1970) નોંધપાત્ર છે. જેમ્સ બોન્ડના સર્જક ઇયાન ફ્લેમિંગની જંગી સફળતાથી પ્રેરાઈને આગાથાએ ‘પેસેન્જર ટુ ફ્રેન્કફર્ટ’માં સ્પાય થ્રિલર લખવાનો પ્રયાસ કર્યો, જેને વિવેચકોએ વખોડી કાઢ્યું. છતાં આગાથાનું નામ હોવાથી પુસ્તક ‘બેસ્ટસેલર’ યાદીમાં સતત ચમકતું રહ્યું.

**વિદેશોમાં પણ એમનાં પુસ્તકોની માંગ વધવા લાગી, 1976માં તેમના અવસાન સુધીમાં વિશ્વની 100થી વધુ ભાષાઓમાં તેમની કૃતિઓના અનુવાદ થઈ ચૂક્યા હતા**

આગાથાના જીવનકાળમાં પ્રકાશિત થયેલું છેલ્લું પુસ્તક ‘પોસ્ટર્ન ઑફ ફેટ’ હતું, જે 1973માં બહાર પડ્યું. રહસ્યકથાનાં લગભગ પોણાસો જેટલાં પુસ્તકો ઉપરાંત આગાથાએ ‘મેરી વેસ્ટમેકોટ’ ઉપનામથી અડધા ડઝન જેટલી પ્રેમકથાઓ પણ લખી. પોતાના પતિ સાથે સીરિયા અને ઈરાકમાં પુરાતત્ત્વીય સંશોધન દરમિયાનનું જીવન વર્ણવતું સંસ્મરણાત્મક પુસ્તક ‘કમ, ટેલ મી હાઉ યુ લિવ’ (1946) પણ લખ્યું. આ પુસ્તકમાં લેખિકા તરીકે ‘આગાથા ક્રિસ્ટી મેલોવાન’ નામ છપાયું હતું.

આ ઉપરાંત આગાથાએ અનેક નાટકો પણ લખ્યાં. તેમાં ‘ધ માઉસ્ટ્રેપ’એ તો વિશ્વવિક્રમ સર્જ્યો. જો આગાથાએ બીજું કશું જ ન લખ્યું હોત અને માત્ર આ એક નાટક જ લખ્યું હોત, તો પણ વિશ્વસાહિત્યના ઈતિહાસમાં તેમનું નામ અમર બની રહેત.

મૂળે 1952માં બ્રિટિશ રાજમાતા ક્વીન મેરીના 80મા જન્મદિવસ નિમિત્તે લખાયેલું આ નાટક 1952થી સતત મંચસ્થ થતું આવ્યું છે. 2026માં પણ તે લંડનના સેન્ટ માર્ટિન્સ થિયેટરમાં સતત ચાલી રહ્યું છે. તેની લોકપ્રિયતા એટલી છે કે તેની ટિકિટો વર્ષો અગાઉથી બુક થઈ જાય છે. આજે ‘ધ માઉસ્ટ્રેપ’ લંડનના બિગ બેન, ટાવર ઑફ લંડન, વેસ્ટમિન્સ્ટર અને પિકેડિલી સર્કસ જેટલું જ લોકપ્રિય પ્રવાસી આકર્ષણ બની ગયું છે. અત્યાર સુધીમાં ‘ગાંધી’ ફિલ્મના અભિનેતા સર રિચર્ડ એટનબરો સહિત દોઢ ડઝનથી વધુ મુખ્ય કલાકારો બદલાઈ ચૂક્યા છે, જ્યારે અન્ય કલાકારોની સંખ્યા તો સેંકડોમાં પહોંચી ગઈ છે. છતાં પોણી સદીથી વધુ સમયથી આ નાટકની લોકપ્રિયતા અખંડિત રહી છે.

ફરી એકવાર કહી શકાય કે આ એક જ કૃતિ આગાથા ક્રિસ્ટીને અમર બનાવવા માટે પૂરતી છે. આગાથાની આ અને આવી અનેક સિદ્ધિઓના સન્માનરૂપે બ્રિટનની મહારાણી એલિઝાબેથ દ્વિતે તેમને ‘કમાન્ડર ઑફ ધ બ્રિટિશ એમ્પાયર’ (CBE)નો ખિતાબ એનાયત કર્યો હતો. ત્યારબાદ 1971માં તેમને ‘ડેમ કમાન્ડર ઑફ ધ બ્રિટિશ એમ્પાયર’ (DBE)નો સન્માન પણ આપવામાં આવ્યો, જે મહિલાઓ માટે ‘સર’ના સમકક્ષ માનવામાં આવે છે. 80 વર્ષની વયે પહોંચ્યા પછી આગાથાએ પોતાની આત્મકથા લખવાની શરૂઆત કરી. આમ, રહસ્યકથાના સાહિત્યપ્રકારને નવી ઊંચાઈ આપીને કરોડો વાચકોના હૃદયમાં સ્થાન મેળવનાર આગાથા ક્રિસ્ટીનું 1976માં 86 વર્ષની વયે અવસાન થયું. ત્યારે એક અન્ય રહસ્યકથા લેખિકાએ તેમને આ શબ્દોમાં અંજલિ આપી હતી:

“તેમણે પોતાની પેઢીના અન્ય કોઈ પણ લેખક કરતાં વધુ લોકોને, વધુ લાંબા સમય સુધી, વધુ આનંદ આપ્યો છે.”